# SHRI K.K. SHASTRI GOVERNMENT COMMERCE COLLEGE

सत्यमेव जयते

Shri K.K. Shastri Educational Campus, Khokhra Road, Maninagar (East)
Ahmedabad-380008 Phone:079-22933660
UGC Recognised 2(f) & 12(B): Affiliated with Gujarat University, Ahmedabad
Email: principal@skksgcc.edu.in & prin-mani-ahm@gujarat.gov.in
Website: www.skksgcc.edu.in

ક્રમાંક:શ્રીકેકાસવાકો/નોટીસ/૨૦૨૪/૧૧૧ તા.૨૪/૧૨/૨૦૨૪

## રાજભવન, ગાંધીનગર ખાતે વિવિધ રાજ્યોના સ્થાપના દિવસની ઉજવણી અંગેની નોટીસ

અત્રેની શ્રી કે.કા.શાસ્ત્રી સરકારી વાણિજ્ય કોલેજ, મણિનગર, અમદાવાદ માં શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને જણાવવાનું કે, આદરણીય પ્રધાનમંત્રીશ્રીની એક ભારત શ્રેષ્ઠ ભારતની સંકલ્પનાને સાકાર ઉદેશ્યથી ભારત સરકારના ગૃહ મંત્રાલયના માર્ગદર્શન હેઠળ ગુજરાત રાજ્ય ભવન ધ્વારા વિવિધ રાજ્યોના સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. જેથી આ રાજય (૧) નાગાલેન્ડ (૨) આસામ (૩) મણીપુર (૪) મેઘાલય (૫) ત્રિપુરા (૬) ઉત્તર પ્રદેશ (૭) દાદરા નગર હવેલી અને દીવ અને દમણના આપની સંસ્થામાં અભ્યાસ કરતા અને પોતાના રાજયની મૂળ કલાની પ્રસ્તુતિ માનનીય રાજ્યપાલશ્રી સમક્ષ રજુ કરવા માટે રસ ધરાવતા વિદ્યાર્થીઓની પસંદગી કરવાની હોય. તા.૨૬/૧૨/૨૦૨૪ ને ગુરુવાર બપોરે ૧૨:૩૦ કલાક સુધીમાં ડૉ. વિજયકુમાર રાવળ પાસે રૂમ નંબર ૨૦૬ માં પોતાનું નામ નોંધાવવું. વિદ્યાર્થીઓએ સાથે વર્ષ ૨૦૨૪-૨૫ નું આઈ-કાર્ડ અને આધાર કાર્ડની ઝેરોક્ષ સાથે રાખવી.

વધારાની માહિતી આ સાથે સામેલ એટેચમેન્ટ પત્રમાં સામેલ છે.

Yogesh Yadav

(ડૉ. યોગેશ યાદવ)
આચાર્ય
શ્રી કે.કા.શાસ્ત્રી સરકારી વાણિજ્ય કોલેજ
મણિનગર(પૂર્વ), અમદાવાદ.

યુ. ક. નં. / ૧૨૪ /૨૦૨૪ તા. ૨૩-૧૨-૨૦૨૪

**પરિપત્રઃ**

પ્રતિ,

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ, વિદ્યા ભવનના અધ્યક્ષશ્રીઓ તથા માન્ય સંસ્થાના વડાશ્રીઓ

**વિષયઃ રાજભવન, ગાંધીનગર ખાતે વિવિધ રાજ્યોના સ્થાપના દિવસની ઉજવણી કરવા બાબત.**

**સંદર્ભઃ યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, ગાંધીનગર તરફથી આવેલ પત્ર ક્રમાંકઃ યસપ/ઉજવ/રાજભવન/૨૦૨૪-૨૫/ગ-૨/૧૮૭૧૮ થી ૭૬૧ તા. ૨૧/૧૨/૨૦૨૪**

શ્રીમાન,

યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, ગાંધીનગર તરફથી આવેલ પત્ર ક્રમાંકઃ યસપ/ઉજવ/રાજભવન/૨૦૨૪-૨૫/ગ-૨/૧૮૭૧૮ થી ૭૬૧ તા. ૨૧/૧૨/૨૦૨૪ આ સાથે સામેલ છે, જે ધ્યાને લેવા વિનંતી.

ઉપરોક્ત વિષય પરત્વે સવિનય જણાવવાનું કે આદરણીય પ્રધાનમંત્રીશ્રીની એક ભારત શ્રેષ્ઠ ભારતની સંકલ્પનાને સાકાર કરવાના ઉદ્દેશથી ભારત સરકારના ગૃહ મંત્રાલયના માર્ગદર્શન હેઠળ ગુજરાત રાજભવન દ્વારા વિવિધ રાજ્યોના સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. ગુજરાતમાં વસતા વિવિધ રાજ્યોના નાગરીકો અને ગુજરાતના નાગરીકો વચ્ચે ભાઈચારાની ભાવના વધુ બળતર બને અને વિવિધતામાં એકતાનો વિચાર વધુ શુધ્ધ થાય એવી ભાવનાથી ગુજરાતમાં વસતા અલગ-અલગ રાજ્યોના વિદ્યાર્થીઓને આમંત્રણ આપીને રાજભવનમાં સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે.

આ પ્રસંગે ગુજરાતના કલાકારો તેમજ સંબંધિત રાજ્યો/કેન્દ્ર શાસિત પ્રદેશોના ગુજરાતમાં વસવાટ કરતા અથવા અભ્યાસ અર્થે આવેલ (યુવાનો/વિદ્યાર્થીઓ)ને જે તે રાજ્ય/કેન્દ્ર શાસિત પ્રદેશોના સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતી રજૂ કરવા આમંત્રણ આપવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં ભાગ લેવા/જોડાવા માટે (૧) નાગાલેન્ડ (૨) આસામ (3) મણીપુર (૪) મેઘાલય (૫) ત્રિપુરા (૬) ઉત્તર પ્રદેશ (૭) દાદરા નગર હવેલી અને દીવ અને દમણ રાજ્યના ગુજરાતમાં વસતા અને તેમના રાજ્યની મૂળ કલાની રજૂઆત કરવા માટે વિદ્યાર્થી કલાકારોની પસંદગી કરવાની હોઈ ઉપરોક્ત દર્શાવેલ રાજ્યોના આપની કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો સંપર્ક કરી તેઓના રાજ્યના લોકનૃત્ય રજૂ કરી શકે તેવા ગૃપ (વિદ્યાર્થીઓની) વિગતો નીચે

ગુજરાત યુનિવર્સિટી
GUJARAT UNIVERSITY
યુવક કલ્યાણ વિભાગ
DEPARTMENT OF YOUTH WELFARE

દર્શાવેલ ફોર્મેટમાં આધારકાર્ડ સાથે શ્રી રશ્મિન પરમાર, સિનિયર ક્લાર્ક, ઉજવણી બ્રાન્ચ, યુ. સે. સાં. પ્ર., ગાંધીનગરને દિન-૩ માં મોકલી આપવા વિનંતી.

| ક્રમ | વિદ્યાર્થી કલાકારનું નામ | રજૂ થનાર કૃતિ | સંખ્યા | મોબાઈલ નંબર |
|---|---|---|---|---|
| | | | | સંસ્થાના સહી/સિક્કા |

પસંદગી થયેલ કલાકારોને નક્કી થનાર પુરસ્કાર અને ભાડુ તથા રહેવાની વ્યવસ્થા કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર દ્વારા કરવામાં આવશે. જ્યારે ચા-નાસ્તો અને ભોજનની વ્યવસ્થા રાજભવન ગાંધીનગર દ્વારા કરવામાં આવનાર છે. ઉપરોક્ત દર્શાવેલ રાજ્યોના વિદ્યાર્થીઓ ગુજરાત યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા હોય અને પોતાના રાજ્યની કલા માનનીય રાજ્યપાલશ્રી સમક્ષ રજૂ કરે તે માટે ઉપરોક્ત દર્શાવેલ ફોર્મેટમાં ત્વરીત મોકલી આપવા વિનંતી.

પસંદગી થયા બાદ કલાકારોના ગૃપોએ તા. ૨૦/૦૧/૨૦૨૫ ના રોજ સાંજે ૩-૦૦ કલાકે રાજભવન ખાતે રીપોર્ટીંગ કરી રીહર્સલમાં ભાગ લેવા માટે જોડાવવાનું રહેશે, જેમાં કોઈ પણ ગૃપને રીહર્સલ સિવાય ભાગ લેવા દેવામાં આવશે નહી, જે ધ્યાને લેવા વિનંતી તા. ૨૧/૦૧/૨૦૨૫ ના રોજ ૦૯-૦૦ કલાકે ફાઈનલ કાર્યક્રમમાં જોડાવવાનું રહેશ.

ઉપરોક્ત બાબત ધ્યાને લઈ આપની કોલેજ/ભવન/સંસ્થાના ઉપર દર્શાવેલ રાજ્યોના ગુજરાતમાં નિવાસ કરતા અને આપની કોલેજ/ભવન/સંસ્થામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ભાગ લેવા માટે જોડાય અને તેના માટે વિદ્યાર્થીઓને માહિતગાર કરીને આગળની ઘટતી કાર્યવાહી કર્યા બાદ ભાગ લેનાર વિદ્યાર્થીઓની યાદી તેઓની કૃતિ સાથે મોકલી આપવા વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

નાયબ નિયામક યુવક કલ્યાણ

બિડાણ – ઉપર મુજબ

**નકલ રવાના:**

કમિશનરશ્રી, રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

V. C. OFFICE
Inward No. 289
Date 23/12/2024

ક્રમાંક:યસપ/ઉજવ/રાજભવન/૨૦૨૪-૨૫/ગ-૨ / ૯૮૭૯૯ થી ૮૯૨
કમિશનર,
યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી,
બ્લોક નં. ૧૧/૩જો માળ,
ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
ઈ-મેઈલ:- adujavani-sycd@gujarat.gov.in
તારીખ:-૨૧/૧૨/૨૦૨૪

INWARD
NO. 176
GUJARAT UNIVERSITY
(DEPARTMENT OF YOUTH WELFARE)
DATE: 23/12/24

Pry Chairda ji
Yuvak Kalyan

પ્રતિ,
કુલપતિશ્રી/રજીસ્ટ્રારશ્રી,
(૧) ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદ
(૨) એલ. ડી. એન્જીનીયરીંગ કોલેજ, અમદાવાદ
(૩) રક્ષા શક્તિ યુનિવર્સીટી, લવાડ, ગાંધીનગર
(૪) પારૂલ યુનિવર્સીટી, વાઘોડીયા, વડોદરા તથા અન્ય યુનિવર્સીટીઓ, વડોદરા
(૫) વીર નર્મદ દક્ષિણ યુનિવર્સીટી, સુરત તથા અન્ય યુનિવર્સીટીઓ, સુરત
(૬) સૌરાષ્ટ્ર યુનિવર્સીટી, રાજકોટ
(૭) નિરમા યુનિવર્સીટી, અમદાવાદ

વિષય:- રાજભવન, ગાંધીનગર ખાતે વિવિધ રાજ્યોના સ્થાપના દિવસની ઉજવણી કરવા બાબત.

સંદર્ભ:- રાજભવન, ગાંધીનગરનો CGH/FD/10411/24, તા.૦૬/૧૨/૨૦૨૪

માન. સાહેબશ્રી,

સવિનય ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, આદરણીય પ્રધાનમંત્રીશ્રીની એક ભારત શ્રેષ્ઠ ભારતની સંકલ્પનાને સાકાર કરવાના ઉદ્દેશ્યથી ભારત સરકારના ગૃહ મંત્રાલયના માર્ગદર્શન હેઠળ ગુજરાત રાજ ભવન દ્વારા વિવિધ રાજ્યોના સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. ગુજરાતમાં વસતા વિવિધ રાજ્યોના નાગરિકો અને ગુજરાતના નાગરિકો વચ્ચે ભાઈચારાની ભાવના વધુ બળવત્તર બને અને વિવિધતામાં એક્તાનો વિચાર વધુ શુધ્ધ થાય એવી વિભાવનાથી ગુજરાતમાં વસતા અલગ-અલગ રાજ્યોના વિદ્યાર્થીઓ અને નાગરિકોને આમંત્રણ આપીને રાજભવનમાં સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે.

વધુમાં આ પ્રસંગે ગુજરાતના કલાકારો તેમજ સબંધિત રાજ્યો/કેન્દ્ર શાસિત પ્રદેશોના ગુજરાતમાં વસવાટ કરતા અથવા અભ્યાસ અર્થે આવેલ (યુવાનો/વિદ્યાર્થીઓ)ને જે તે રાજ્ય/કેન્દ્ર શાસિત પ્રદેશોના સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતિ રજૂ કરવા આમંત્રણ આપવામાં આવે છે. આ કાર્યક્રમમાં ભાગ લેવા/જોડાવા માટે આ સાથે સામેલ લીસ્ટ મુજબના ૦૭ રાજ્યના ગુજરાતમાં વસતા અને તેમના રાજ્યની મૂળ કલાની રજૂઆત કરવા માટે વિદ્યાથી કલાકારોની પસંદગી કરવાની હોઇ યાદી મુજબના રાજ્યોના આપની યુનિવર્સીટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો સંપર્ક કરી તેઓના રાજયના લોકનૃત્યો રજૂ કરી શકે તેવા ગૃપોની વિગત દિન-૩માં શ્રી રશ્મિન પરમાર, સિનિયર ક્લાર્ક, ઉજવણી બ્રાન્ચ, યુ.સે.સાં.પ્ર., ગાંધીનગરને(મો.૯૭૨૪૪૦૪૧૪૬) નીચે મુજબના ફોર્મેટમાં વિગતો તથા આધારકાર્ડ સાથે મોકલી આપવા વિનંતી છે. પસંદગી થયેલ કલાકારોને નક્કી થનાર પુરસ્કાર અને ભાડુ તથા રહેવાની વ્યવસ્થા કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર દ્વારા કરવામાં આવશે જ્યારે ચા-નાસ્તાની અને ભોજનની વ્યવસ્થા, રાજભવન, ગાંધીનગર ધ્વારા કરવામાં આવનાર છે. જેથી આ રાજયના (૧) નાગાલેન્ડ (૨) આસામ (૩) મણીપુર (૪) મેઘાલય (૫) ત્રિપુરા (૬) ઉત્તર પ્રદેશ (૭) દાદરા નગર હવેલી અને દીવ અને દમણ આપની સંસ્થાના અભ્યાસ કરતા અને પોતાના રાજયની કલા માનનીય રાજયપાલશ્રી સમક્ષ રજૂ કરે તે માટે નીચેના ફોર્મેટમાં વિગતો ત્વરીત મોકલી આપવા વિનંતી છે.

| ક્રમ | વિદ્યાર્થી કલાકારનું નામ | રજૂ થનાર કૃતિ | સંખ્યા | મોબાઈલ નંબર |
|---|---|---|---|---|
| | | | | સંસ્થાના સહી / સિક્કા |

આ સંદર્ભે પસંદગી થયા બાદ કલાકારોના ગ્રૂપોએ આગામી તા.૨૦/૦૧/૨૦૨૫ના રોજ સાંજે ૩.૦૦ કલાકે રાજભવન ખાતે રીપોર્ટીંગ કરી રીહર્સલમાં ભાગ લેવા માટે જોડાવવાનું રહેશે  જેમાં કોઈપણ ગ્રૂપને રીહર્સલ સિવાય ભાગ લેવા દેવામાં આવશે નહી. જેની ખાસ નોંધ લેવા વિનંતી છે. અને તા.૨૧/૦૧/૨૦૨૫ના દિવસે ૦૯.૩૦ કલાકે ફાઇનલ કાર્યક્રમમાં જોડાવવાનુ રહેશે. જેમાં આપની યુનિવર્સીટીના કોલેજોના ઉપરની આપેલ રાજ્યોની યાદી મુજબના ગુજરાતમાં નિવાસ કરતા અને આપની યુનિવર્સીટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની યાદી તેઓની કૃતિ સાથે મોકલી આપવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(વિરેન્દ્ર સી. પટેલ)
સહાયક નિયામક (ઉજવણી)
યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ
ગાંધીનગર
(મો.૯૯૭૮૪૦૮૮૪૫)

<u>નકલ રવાના સવિનય જાણ સારૂ:-</u>

- માન. અગ્ર સચિવશ્રી, રાજ્યપાલશ્રીના સચિવશ્રીની કચેરી, રાજભવન, ગાંધીનગર
- સંયુક્ત સચિવશ્રી, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, વેસ્ટઝોન કલ્ચરલ સેન્ટર, ઉદેપુર, રાજસ્થાન ઉપર જણાવેલ રાજ્યોના કલાકાર ગ્રૂપો ફાળવી આપવા વિનંતી.
- જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી, ગાંધીનગર કલાકારો માટે નિવાસ વ્યવસ્થા તથા ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા માટે મીની બસ અથવા ગુજરાત રાજય વાહન વ્યહવાર તરફથી તા.૨૦/૦૧/૨૦૨૫ થી તા.૨૧/૦૧/૨૦૨૫ દરમિયાન ઘટીત કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે. જેમાં ચૂક ન થાય તેની તકેદારી રાખવા જણાવવામાં આવે છે અને નિવાસ વ્યવસ્થા તથા ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા માટે આપની કચેરીના સ્ટાફની સેવાઓ લેવાનું રહેશે.
- જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી, ગુજરાત રાજય તમામ આપના જિલ્લાની શૈક્ષણિક સંસ્થાનો સંપર્ક કરી જણાવેલ રાજયના વિદ્યાર્થીઓની યાદી મોકલી આપવા સારૂ.